## સંક્ષિપ્ત સમાચાર

### દેવગઢ બારિયા પાલિકામાં વિરોધ પક્ષના નેતા તરીકે કોંગ્રેસના અક્ષય સુથારની નિમણૂક



દેવગઢ બારીયા : દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દેવગઢ બારિયા નગરપાલિકાના વોર્ડ નં. 5ના કાઉન્સિલર અક્ષયભાઈ સુથારને દેવગઢ બારિયા નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા (Leader of Opposition) તરીકે સત્તાવાર રીતે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂક અંગે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સત્તાવાર પત્ર જારી કરવામાં આવ્યો છે. પત્ર અનુસાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તેમજ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિની મંજૂરી અને સૂચના આધારે અક્ષયભાઈ સુથારને વિરોધ પક્ષના નેતા તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. અક્ષયભાઈ સુથારની નિમણૂક બાદ દેવગઢ બારિયા નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષને સત્તાવાર વિરોધ પક્ષનું નેતૃત્વ મળ્યું છે. તેઓ હવે નગરપાલિકાની સામાન્ય સભા તેમજ વિવિધ સમિતિઓમાં કોંગ્રેસ પક્ષનું પ્રતિનિધિત્વ કરશે અને પ્રજાના પ્રશ્નોને અસરકારક રીતે રજૂ કરશે.

#### ત્રણ આરોપીઓ મુદ્દામાલ સાથે ઝડપાયા

## દાહોદના પડાવ વિસ્તારમાં "શિવ જ્વેલર્સ'માં થયેલી ચોરીનો ભેદ કલાકોમાં જ ઉકેલાયો



(પ્રતિનિધિ) કાલોલ તા.8 દાહોદ શહેરના ધમધમતા પડાવ વિસ્તારમાં આવેલી "શિવ જ્વેલર્સ નામની સોના-ચાંદીના દાગીનાની દુકાનમાં થયેલી ચોરીની ઘટનામાં દાહોદ પોલીસે ત્વરિત અને સફળ કામગીરી કરી છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ ચોરીનો ગુનો ઉકેલીને ત્રણ મુખ્ય એરોપીઓની ધરપકડ કરી છે અને ચોરીમાં ગયેલો ૧૦૦ ટકા મુદ્દામાલ રિકવર કરી લીધો છે. પડાવ વિસ્તારમાં આવેલી શિવ જ્વેલર્સની દુકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે જાણ થતાં જ દાહોદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સીસીટીવી ફૂટેજ તથા ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરી હતી. પોલીસે ચોક્કસ બાતમીના આધારે ગણતરીના કલાકો માંજ દરોડો પાડી આરોપીઓને મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. ઝડપાયેલા આરોપીઓઃ રાજુ પલાશનિકુંજ ડાભી મુકેશ પલાશ પોલીસે ઝડપાયેલા આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલો રૂ. ૪ લાખ ઉપરાંતનો તમામ (૧૦૦ ટકા) મુદ્દામાલ જપ્ત કર્યો છે અને આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય એક ફરાર આરોપીને પકડી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે અને તેને પણ ટૂંક સમયમાં ઝડપી પાડવામાં આવશે તેમ પોલીસ સૂત્રો દ્વારા જણાવાયું છે.

### પંચમહાલ કક્ષાની તિરંગા યાત્રા ગોધરા ખાતે યોજાશે

(પ્રતિનિધિ) કાલોલ તા.8 સમગ્ર રાજ્યની સાથે પંચમહાલ જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાન તથા વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે, જેના આયોજન સંદર્ભે જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. પંચમહાલ જિલ્લામાં યોજાનાર કાર્યક્રમ સંદર્ભે જિલ્લા કલેક્ટર અજય દહિયાએ જણાવ્યું હતું કે, આગામી તા.૧૩ ઑગસ્ટ દરમ્યાન સમગ્ર જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવશે. હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા તા.૧૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકેથી ગોધરાના સરદારનગર ખંડથી શરૂ થઈને રામસાગર તળાવ ખાતે સમાપ્ત થશે.

### સુખસર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની વરુણા આશ્રમ ખાતે કારોબારી સભા યોજાઈ



સુખસર : નવીન રચિત સુખસર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની પ્રથમ કારોબારી સભા સુખસર ના મકવાણા ના વરુણા આશ્રમ ખાતે યોજાઈ ગઈ. આ પ્રસંગે દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી મહેન્દ્રભાઈ લવાણા,તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગિરવર સિંહ પુવાર,બી.આર.સી,મુકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તાલુકા વિભાજન થતા નવીન સુખસર તાલુકા સંગઠન માટે ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી.જેનો આખરી અહેવાલ દિનેશભાઈ પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.સુખસર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ માં પ્રમુખ તરીકે ગૌરવભાઈ પલાસ,મહામંત્રી તરીકે મુકેશભાઈ પટેલ,સુરેશભાઈ પંચાલ, જિલ્લા પ્રતિનિધિ માટે રવિન્દ્રભાઈ લબાના,સિનિયર કાર્યાધ્યક્ષ તરીકે કલ્પિતભાઈ પટેલ,સિનિયર ઉપ પ્રમુખ તરીકે આશિષભાઈ પંચાલની જાહેરાત કરવામાં આવી હતી. સંગઠનને વધુ મજબૂત બનાવવા અન્ય હોદ્દાઓની જાહેરાત ઘટક સંઘ દ્વારા કરવામાં આવી હતી.અને તમામ ને વરિષ્ઠ આગેવાન અને મહાનુભાવો ના હસ્તે પદભાર પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

### લીમખેડાના પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) લીમખેડા તા.8 તીર્થ ઈન્ટરનેશનલ સ્કૂલ લીમખેડા દ્વારા વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણીના ભાગરૂપે પોલીસ સ્ટેશન લીમખેડા ના પ્રાંગણમાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ કરાયો હતો. 9 ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી કરવા માટે તીર્થ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ તથા પોલીસ સ્ટેશન લીમખેડા ના સહિયારા ઉપક્રમે આજરોજ વૃક્ષારોપણ નો કાર્યક્રમ પોલીસ સ્ટેશન લીમખેડા સાથે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત લીમખેડા પોલીસ મથકના પી.આઈ વસાવા સંસ્થાના આચાર્ય રીના બેન તથા સ્કૂલના વિદ્યાર્થી ઓ દ્વારા પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણ કરવામાં આવ્યા હતા.વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી સ્કૂલ દ્વારા વનીકરણ-પર્યાવરણના જતન ના સંદેશ સાથે ઉજવવામાં આવી હતી.

#### વિદ્યાર્થીઓમાં પરસ્પર સહકારની ભાવના જોવાઇ

### કરાના મુવાડા પ્રાથમિક શાળામાં બાળમેળાનું આયોજન સંપન્ન



(પ્રતિનિધિ) કાલોલ તા.8 આજ રોજ કરાના મુવાડા પ્રાથમિક શાળા ખાતે બાળકોમાં રહેલી છૂપી શક્તિઓ અને સર્જનાત્મકતાને બહાર લાવવાના હેતુથી એક રંગારંગ 'બાલમેળા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બાલમેળામાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને પોતાની કલા અને કૌશલ્યનું અદભુત પ્રદર્શન કર્યું હતું. મેળા દરમિયાન બાળકો માટે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્યત્વેઃ કાગળ કામ,ચીટક કામ અને કાતર કામ દ્વારા સુંદર આકારો બનાવવામાં આવ્યા.ચિત્રકામ અને રંગપૂર્તિ સ્પર્ધામાં બાળકોએ પોતાના કલ્પનાશીલ રંગો પૂરીને શ્રેષ્ઠ કૃતિઓ રજૂ કરી.બાલમેળાના માધ્યમથી વિદ્યાર્થીઓમાં પરસ્પર સહકાર, સમૂહભાવના અને કલાત્મક કૌશલ્યોનો સુંદર વિકાસ જોવા મળ્યો હતો. શાળાના આચાર્ય અને શિક્ષકગણના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સફળ બાલમેળાની ગ્રામજનો અને વાલીઓ દ્વારા પણ ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

### પોક્સો ગુનાનો નાસતો-ફરતો આરોપી બોટાદથી ઝડપાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.8 પંચમહાલ પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા કાલોલ પોલીસ સ્ટેશનના અપહરણ અને પોક્સો (POCSO) ગુનામાં લાંબા સમયથી નાસતા-ફરતા આરોપી વિશાલ દિલીપભાઈ નાયક (રહે. રતનપુરા સમા, તા. કાલોલ, જી. પંચમહાલ) હાલ બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના પાડાપાણ ગામે મજુરી કામ કરી રહ્યો છે. બાતમી મળતાની સાથે જ પેરોલ ફર્લો પોલીસ સ્ટાફના માણસોને તુરંત બોટાદ મોકલવામાં આવ્યા હતા. પોલીસે મોજે-પાડાપાણ ખાતે દરોડો પાડી આરોપી વિશાલ દિલીપભાઈ નાયકને ઝડપી લીધો હતો.પોલીસે આરોપી સાથે ભોગ બનનારને પણ હસ્તગત કર્યા છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે બંનેને કાલોલ પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યા છે.

#### અમદાવાદ ફટાકડા દુર્ઘટનાઃ મૃતકોના પરિવારોને સહાય

### ગોવિંદાના તળાઈના શ્રમિકોના પરિવારોને ૨૦.૫૦ લાખની સહાય



(પ્રતિનિધિ) સંજેલી તા.8 અમદાવાદની ફટાકડા ફેક્ટરીમાં બનેલી દુર્ઘટનામાં જીવ ગુમાવનારા સંજેલી તાલુકાના ગોવિંદાના તળાઈ ગામના શ્રમિકોના પરિવારોને ગુજરાત સરકારે સહાય પૂરી પાડી છે. પીડિત પરિવારોને કુલ 20.50 લાખની નાણાકીય સહાય ચૂકવવામાં આવી હતી. આ પ્રસંગે સ્થાનિક જનપ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓએ મૃતકોના સ્વજનોની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. આ સમયે હિરોલા જિલ્લા પંચાયત સભ્ય ભુપેન્દ્રભાઈ સંગાડા, ગોવિંદાના તળાઈના સરપંચ રમેશભાઈ બારીયા અને નાયબ મામલતદાર તડવી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ સંગઠન તરફથી તાલુકા પ્રમુખ સુરેશભાઈ ચારેલ અને દાહોદ જિલ્લા ઉપાધ્યક્ષ રમેશભાઈ તાવીયાડ પણ હાજર હતા. APMCના ચેરમેન બંટા બાપુ અને ડિરેક્ટર મહેન્દ્રભાઈ પલાસ સહિત કિરણભાઈ, પંકજભાઈ, કલ્પેશભાઈ બારીયા, લીંબસીંગભાઈ અને પ્રવીણભાઈ જેવા સ્થાનિક કાર્યકરો તથા ગ્રામજનો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

### સુખસરમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભાજપ દ્વારા મંડળ લેવલે બેઠક યોજાઈ



સુખસર : આગામી 15 ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી સુખસર ખાતે યોજાનાર હોવાથી સુખસર પંથકમાં રાષ્ટ્રભક્તિના કાર્યક્રમોને લઈને વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.આ કાર્યક્રમ અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનને સફળ બનાવવા માટે સુખસરની બી.એડ. કોલેજ ખાતે તિરંગા યાત્રા મંડળની કાર્યશાળા બેઠક યોજાઈ હતી.બેઠકમાં 'હર ઘર તિરંગા' અભિયાનને વધુ વ્યાપક બનાવવા તેમજ આગામી દિવસોમાં યોજાનારી તિરંગા યાત્રા અને અન્ય રાષ્ટ્રભક્તિના કાર્યક્રમોના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી.વધુમાં વધુ લોકો અભિયાન સાથે જોડાય અને દરેક ઘર સુધી તિરંગો પહોંચે તે માટે કાર્યકર્તાઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

#### કાલોલ ભાથીજી મંદિર પાસે કાર્યવાહી

### ટ્રાફિકને અડચણરૂપ લારીઓ ઊભી રાખનાર બે સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) કાલોલ તા.8 પંચમહાલ જિલ્લાના કાલોલ ટાઉન વિસ્તારમાં જાહેર રસ્તા પર ટ્રાફિક અને રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે લારીઓ ઊભી રાખી વેપાર કરતા બે શખ્સો સામે કાલોલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, શુક્રવારે કાલોલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન ભાથીજી મંદિર પાસે જાહેર રસ્તા પર ટ્રાફિક અને રાહદારીઓની અવરજવરમાં રૂકાવટ ઊભી થાય તે રીતે લારીઓ રાખી વેપાર કરતા બે ઈસમો નજરે પડ્યા હતા.બપોરેના સુમારે મરચાંની હાથલારી જાહેર રસ્તા વચ્ચે રાખીને વેપાર કરતા રફીક સત્તાર મેતર (ઉંમર વર્ષ ૪૦, રહે. ઘાંચીવાડ કસ્બા, કાલોલ) નામના ઈસમ સામે કાલોલ પોલીસે ગુનો નોંધ્યો હતો

ત્યારબાદ શાકભાજી/લસણની લારી રસ્તા વચ્ચે ઊભી રાખી ટ્રાફિકને અડચણ ઊભી કરનાર શીઝાન સલીમ મોકરીયા (ઉંમર વર્ષ ૨૨, રહે. બસ સ્ટેન્ડ રોડ, કાલોલ) નામના ઈસમ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે બંને બનાવોમાં પંચોની હાજરીમાં સ્થળ પંચનામું કરી, ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ-૨૮૫ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

#### આકસ્મિક મોતના પગલે બંને મૃતકના પરિવારજનોમાં શોક છવાઇ ગયો

## દાહોદ જિલ્લામાં આકસ્મિક મોતના બે બનાવમાં વૃદ્ધ સહિત બેના મોત

(પ્રતિનિધિ) દાહોદ તા.8 પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં આકસ્મિક મોતના બનેલા બે બનાવો પૈકીનો એક બનાવો દેવગઢબારિયા તાલુકાના સાગટાળા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવેલ આંકલી ગામે ખેડા ફળિયામાં બપોરના સમયે ના બનવા પામ્યો હતો જેમાં આંકલી ગામના ખેડા ફળિયામાં રહેતા ૫૭ વર્ષીય અભેસિંગભાઈ બુટાભાઈ - બારીયાને ડાયાબિટીસની બીમારી હોઈ અને તેઓના હાથનું ઓપરેશન કરાવેલ હોઈ પરંતુ તેઓને ડાયાબિટીસની બીમારીને કારણે સારું ન થતા અને પોતાની તબિયતમાં સુધારો ન થતા તેઓને મનમાં લાગી આવતા તેઓએ કોઈ ઝેરી દવા પી લીધી નું હતી. જેથી તેઓની તબિયત એકદમ લથડતા તેઓને સારવાર માટે દેવગઢબારિયા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર અભેસિંગ ભાઈ બારીયાના દીકરા સુરેશ ભાઈ અભેસિંગભાઈ બારીયાએ - સાગટાળા પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા પોલીસે આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ આકસ્મિક મોત ના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે જિલ્લામાં આકસ્મિક મોત નો બીજો બનાવ ફતેપુરા તાલુકાના પીપલારા ગામે લીમડા ફળિયામાં સાંજના સમય બનવા પામ્યો હતો. જેમાં પીપલારા ગામના લીમડા ફળિયામાં રહેતા ૪૫ મનસુખભાઈ હીરાભાઈ ગામોડ પોતાના ખેતરમાં આવેલ લાઈટના થાંભલાની પાસે સાફ સફાઈનું કામ કરતા હતા. તે સમયે લાઈટ ના થાંભલાને અડી જતા તેઓને સખત વીજ કરંટ લાગતા તેઓનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ સંબંધે પીપલારા ગામના લીમડા ફળિયામાં રહેતા મરણ જનાર મનસુખભાઈ ગામોડની પત્ની મંજુલાબેન મનસુખભાઈ ગામોડે ફતેપુરા પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા પોલીસે આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ આકસ્મિક મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

### મધવાસ ખાતે ભાડૂઆતની માહિતી છૂપાવનાર મકાનમાલિક સામે ફરિયાદ

કાલોલ : કાલોલ પોલીસે મકાન ભાડે આપીને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ ન કરવા બદલ તથા આઈડી પ્રૂફ ન મેળવવા બદલ એક મકાનમાલિક રાકેશભાઈ મનુભાઈ લુહાર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. પોલીસ ટીમે પંચો સાથે રાખીને મધવાસ ગામે હાઈવે રોડ પર એક ઈસમની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ જયરામ શિવપૂજન ચૌધરી (મૂળ રહે. ચાંદીપુર, જી. ગાજીપુર, ઉત્તર પ્રદેશ) હોવાનું જણાવ્યું હતું. જયરામ ચૌધરી છેલ્લા ત્રણ મહિનાથી રૂ. ૩,૦૦૦/- ના માસિક ભાડાથી આ મકાનમાં રહે છે. મકાનમાલિક રાકેશભાઈ મનુભાઈ લુહાર (રહે. કાલોલ સડક ફળિયું) એ ભાડૂઆત પાસેથી કોઈ આધારકાર્ડ કે આઈડી પ્રૂફ લીધું ન હતું અને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધણી પણ કરાવી ન હતી.

#### આત્મનિર્ભરતા સુધીની આદિવાસી વિકાસયાત્રા

## કલ્યાણકારી યોજનાના અમલીકરણથી આદિવાસીઓના ઘરે છવાયો ઉજાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.8 આપણે સૌ જાણીએ છીએ કે ૯મી ઓગસ્ટના આ દિવસને "આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ " તરીકે આખું વિશ્વ ઉજવણી કરી રહ્યું છે. આ દિનની ઉજવણી વિશ્વભરમાં વસવાટ કરતાં મૂળ નિવાસી સમુદાયને એટલે કે આદિવાસી સમાજને હક્ક, અધિકારો મળે અને તેઓ અન્ય સમાજની હરોળમાં આવી શકે એ હેતુથી યુનોની સામાન્ય સભાએ આ દિવસની ઉજવણી કરવાનું ઠરાવેલું છે. આ વર્ષની થીમ "Honouring Indigenous Midwives: Safeguarding Life and Well-being" (આદિવાસી દાયણોનું સન્માનઃ જીવન અને સુખાકારીનું રક્ષણ) છે, જે આદિવાસી જ્ઞાન પ્રણાલીઓ અને સ્વાસ્થ્ય સંભાળ પર ભાર મૂકે છે. ભારતમાં આ દિવસને વિશ્વ આદિવાસી દિવસ અથવા જનજાતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતના બંધારણની કલમ ૩૪૨ હેઠળ અનુસૂચિત જનજાતિ તરીકે જાહેર થયેલી આ પ્રજા અતિ દુર્ગમ અને અંતરિયાળ



વિસ્તારમાં વસવાટ કરે છે. ભારતની ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૧ અબજ ૨૧ કરોડની વસ્તીમાં ૧૦,૪૫,૪૫, ૧૧૭ એટલે કે, કુલ વસ્તીના ૧૪.૭૫ ટકા વસ્તી અનુસુચિત જનજાતિની છે.આદિવાસી સમાજની વસ્તી ઉમરગામથી લઈ અંબાજી સુધીની પૂર્વ પટ્ટીમાં વસવાટ કરે છે. દાહોદ જિલ્લાની જ વાત કરીએ તો અહિ ૭૪ ટકા જેટલી વસ્તી આદિવાસી છે. આદિવાસી સમાજનો પ્રકૃતિ સાથેનો સંબંધ ભારતના પરંપરાગત જ્ઞાનનો એક મહત્વનો સ્તંભ છે. જંગલ, જમીન, નદી, પહાડ અને ઋતુચક સાથેનું તેમનું જીવન માત્ર જીવનનિર્વાહની પદ્ધતિ નથી, તે એક સમગ્ર જીવનદ્રષ્ટિ છે.

#### સાત આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો

## ફતેપુરાના ઘુઘસમાં જમીન સંબંધે અદાવતમાં તકરાર

( પ્રતિનિધિ ) સુખસર,તા.8 ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામના ખુટા ફળિયા ખાતે રહેતા પ્રાર્થભાઈ સવજીભાઈ પારગી ખેતીવાડી તથા કરિયાણાની દુકાન ચલાવી પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે.જેઓ ગત ગુરૂવારના રોજ રાત્રિના સાડા દશ વાગ્યાના અરસામાં જમી પરવારી ઊંઘી ગયેલ હતા.તેવા સમયે પાડોશી મહેશભાઈ ભીખાભાઈ પારગી, લલ્લાભાઈ વરસીંગભાઇ પારગી તથા વિપુલભાઈ લલ્લાભાઇ પારગીનાઓ નાઓ જાહેરમાં માં-બેન સમાણી બિભીત્સ ગાળો બોલતા સવજીભાઈના ઘર ઉપર પથ્થર મારો કરવા લાગેલા.ત્યારબાદ મકાન ઉપર પથ્થર મારો કરતા નળિયાની તોડફોડ કરેલ હતી.ત્યારબાદ શૈલેષભાઈ ભુરાભાઈ પારગીનાઓની બોલેરો ગાડીના આગળના કાચ ઉપર પથ્થર વાગતા તિરાડ પાડી નુકસાન પહોંચાડી ગયેલ.જ્યારે રમસુભાઈ વરસીંગભાઈ પારગી તથા રામાભાઈ વરસીંગભાઇ પારગી નાઓ દુકાન આગળ આવી આ દુકાને જ બંધ કરાવી દેવાની છે તેમ કહી ધીંગાણું મચાવ્યું હતું.જ્યારે લવાભાઈ વરસીંગભાઈ પારગી તથા ગેંદાલભાઈ મજુભાઈ પારગીએ સોમલીબેનના ઘરની બારીનો કાચ તોડી આશરે રૂપિયા 30,000 નુકસાન પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.ઘુઘસ ગામના ખૂંટા ફળિયામાં રહેતા પ્રાર્થભાઈ પારગીએ ફતેપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે મહેશ ભીખા,લલ્લા વરસિંગ, વિપુલ લલ્લા,રમસુ વરસિગ,રામા વરસીંગ,લવા વરસીંગ તથા ગેંદાલ મજુભાઈ વિરુદ્ધ ગુનો દાખલ કર્ય હતો.

#### લક્ષ્ય શુદ્ધ સામાયિકનું રાખવામાં આવે તો અથાહ કર્મોનો 'ક્ષય શક્ય બને છે

## જીનવાણી શ્રવણ માત્રથી જન્મોજન્મનું પરિભ્રમણ દૂર થાય છેઃ સુવ્રતાજી મ.સા.

(પ્રતિનિધિ) વડોદરા તા.8 જીનવાણીના શ્રવણથી સંસારના જન્મોજન્મના પરિભ્રમણનો અંત આવે છે. આપણી અંદર રહેલા આત્મસ્વરૂપને ઓળખીને અરિહંત અને સિદ્ધ પદ પ્રાપ્ત કરવા માટે જીનવાણીનું શ્રવણ અત્યંત આવશ્યક છે. જીનવાણીથી હૃદયમાં પરિવર્તન આવે છે અને આગમવાણી સાંભળવાથી જીવન બદલાઈ જાય છે. આ પ્રેરણાદાયી વિચારો સાધ્વી શ્રી સુવ્રતાજી મસાએ દાહોદના હનુમાન બજાર સ્થિત જૈન સ્થાનક ખાતે આયોજિત ધર્મ સભામાં દરમિયાન વ્યક્ત કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જેમની અનંત પુણ્યાનુબંધી પુણ્યવાની હોય છે, તેઓ જ આગમના સત્ય માર્ગ પર ચાલી શકે છે. ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે આ સંસાર દુઃખદાયક છે, જ્યારે આત્મા નિત્ય, અરૂપી અને સ્વતંત્ર પદાર્થ છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે સંયમ ગ્રહણ કરવો જ પડે છે. સંયમ અંગીકાર કરીને આરાધના કરવાથી જ જીવ અરિહંત અને સિદ્ધપદ પ્રાપ્ત કરી શકે છે. મોક્ષ માટે સાધના અને શુદ્ધ સામાયિક જરૂરીઃ સાધ્વી રેણું પ્રભાજી મસા -આ પ્રસંગે સાધ્વી રેણું પ્રભાજી મસાએ સંબોધતા જણાવ્યું હતું કે, તીર્થંકર ભગવંતોને પૂર્વથી જ જ્ઞાન હોય છે કે તેઓ મોક્ષે જવાના છે, છતાં તેઓ ઘરબારનો ત્યાગ કરીને મોક્ષ માટે નિરંતર પુરુષાર્થ કરતા રહે છે. તીર્થંકરોને પણ પૂર્વ જન્મના કર્મો ક્ષય કરવા માટે ગૃહત્યાગ કરી સાધના કરવી પડે છે. આરાધનાવિના એકપણ જીવ મોક્ષે જઈ શકતો નથી; આરાધના જ મોક્ષનો સાચો રાજમાર્ગ છે. શ્રુતજ્ઞાનની આરાધનાથી અનેક આત્મિક લાભ થાય છે. સામાયિકની ક્રિયા અંગે બોલતા તેમણે ઉમેર્યું કે સામાયિક દરમિયાન તમામ પ્રકારના સાવધ્ય યોગોનો ત્યાગ થઈ જાય છે, તેથી સામાયિકની ક્રિયા શુદ્ધ રાખવી ખૂબ જરૂરી છે. એક શુદ્ધ સામાયિક પણ આત્માને મોક્ષ અપાવી શકે છે. સ્થાનકના વાતાવરણમાં સામાયિક અત્યંત શુદ્ધ રીતે થાય છે. સ્થાનકમાં રહીને મોબાઈલ જેવી દૂવિધાઓ અને વિક્ષેપોથી દૂર રહીને જ સાચી આરાધના થઈ શકે છે. જો લક્ષ્ય શુદ્ધ સામાયિકનું રાખવામાં આવે તો અથાહ કર્મોનો 'ક્ષય શક્ય બને છે.